ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૭૩ ટકા

# નગરના ગરબા કલાસ આ વર્ષે સૂના...સૂના...

## ગરબા સંચાલકો પણ માને છે કે કોરોનાની આ મહામારીમાં ગરબા ન યોજાવવા જોઈએ : તેમને પણ આ વર્ષે લગભગ લાખથી દોઢ લાખ રૂપિયાનું નુકશાન

ગાંધીનગર, તા.૧૯

શહેરમાં આવનાર નવરાત્રીના તહેવારની વાત ચર્ચાઈ રહી છે ત્યારે નગરના ડ્રેસ ડિઝાઈનરો, ખેલૈયાઓ સાથે ગરબા શીખવાડતા ગરબા શિક્ષકોને પણ આ વર્ષે ખોટ પડવાની છે. ખેલૈયાઓ ગરબા કલાસ કરવા તૈયાર છે પરંતુ ગરબા કલાસીસના ઓનર દ્વારા આ વર્ષે ગરબા ન યોજાનાર હોવાથી ગરબા કલાસની શરૂઆત કરવામાં આવી જ નથી અને અમુક ઓનલાઈન ગરબાની પ્રેકટીસ કરી રહ્યા છે ત્યારે આ વર્ષે ગરબા કલાસીસ ચલાવતા ખેલૈયાઓના જણાવ્યા મુજબ તેઓને લગભગ ૫૦ હજારથી એક લાખ રૂપિયાનું નુકશાન થયું છે.

આ વર્ષે નવરાત્રીનું આયોજન થવાનું નથી અને ગરબા યોજાનાર નથી. જેને કારણે ગરબા કલાસના સંચાલકોને પણ માઠી અસર પડી છે. આ સાથે ગરબા પ્રેમીઓ પણ સાવ નાખુશ છે. દર વર્ષે સંચાલકો દ્વારા પોતાના ગરબા કલાસમાં આવતા સ્ટુડન્ટસ પાછળ ગરબા શીખવાડવા સાથે ખેલૈયાઓ સ્પર્ધા જીતીને આવે તેટલી મહેનત કરાવવામાં આવતી હોય છે. સંચાલકો તો નવરાત્રી પતે નહીને બીજા વર્ષે આવનાર નવરાત્રીમાં કયા નવા ગરબા સ્ટેપ કરાવશે તેની વિચારણા કરતા હોય છે. પોતાના કલાસ અલગ દેખાય તે માટે સારા લોકેશન પર મોટી રકમ ચુકવીને જગ્યા ભાડે રાખતા હોય છે. પોતાના સ્ટુડન્ટસ દર વર્ષે નવા ગરબા સ્ટેપ શીખે એ ઉદ્દેશ્યથી તેમનો ગરબા શીખવવા માટે સખત મહેનત કરતા હોય છે. દરેક પાછળ



સંચાલકોનો સખત પરિશ્રમ જોડાયેલો છે.

પરંતુ કોરોના કાળમાં ગરબા જ નહીં થાય જેને કારણે કલા જગતમાં પણ ખાલીપો અનુભવાશે. નગરના ગરબા સંચાલક ઉત્સવ પરમાર જણાવે છે કે આ વર્ષે નવરાત્રી ન થવાથી એવું કહી શકાય કે સંચાલકોની દીવાળી બગડી. તેઓ ઉમેરે છે કે માં અંબાને પ્રાર્થના કરીએ કે જગત કોરોના મુકત થઈ જાય એટલે આવતા વર્ષે ડબલ જોશથી નવરાત્રીને વધાવીશું.

સ્વાસ્થ્યની કાળજી રાખીને અને પ્રાધાન્ય આપીને કોરોના વાયરસનું સંક્રમણ ન વધે તે ઉદ્દેશ્યથી આ વર્ષે ગરબા કલાસ કરવાનો વિચાર યોગ્ય પણ કર્યો નથી. આમ તો ત્રણ મહિના પહેલાથી જ ગરબા કલાસ શરૂ થઈ જતા હોય છે આ વર્ષે પણ સ્ટુડન્ટસ ફોન કરતા હોય છે. સોશિયલ ડિસ્ટન્સ રાખી કલાસીસમાં ગરબા કરીશું. કલાસમાં દર વર્ષે ૧૫૦થી વધુ સ્ટુડન્ટસ આવતા હોય છે. સ્કુલ તથા જીમમાં પણ અમે સ્પેશીયલ બેચ લઈએ છીએ પણ તે શકય નથી. નુકશાન તો બધા ઉદ્યોગમાં થયું છે. ગરબા કલાસ ન થવાથી મને પણ દોઢેક લાખ જેટલું નુકશાન છે જ. સાથે ગરબા ન થવાથી ખેલૈયાઓમાં નિરાશા છે તેમ નગરના જાણીતા ગરબા કલાસના સંચાલક કેવલ ઠક્કરનું કહેવું છે.

નગરના ગરબા કલાસના અમુક સ્ટુડન્ટસનું કહેવું છે કે બધા એક સાથે ભેગા ન થઈ શકે તો ઓનલાઈન ગરબા કલાસીસ શરૂ કરો. ખેલૈયાઓ કહે છે કે ગરબા અમારા ફેવરીટ છે. અમે ગરબા છોડીશું જ નહિ. અમને પણ આ વર્ષે ગરબા કલાસીસ નહી થાય તેને કારણે લાખેક રૂપિયાનું નુકશાન છે તેમ ગરબા કલાસીસના સંચાલક કૃણાલ શાહનું કહેવું છે.

ખેલૈયાઓ એટલા ઉત્કૃષ્ઠ છે કે, સોશિયલ ડિસ્ટન્સીંગ સાથે ગરબા કલાસ શરુ કરો તેમ કહે છે. ગરબા સંચાલક તરીકે હું એટલું જ કહીશ કે ગરબા ન જ થવા જોઈએ. અમનો આ વર્ષે લગભગ ૨ થી ૩ લાખનું નુકશાન થયું છે. પરંતુ જો આપણે સુરક્ષિત હોઈશું તો આવતા વર્ષે ગરબા રમી શકીશું તેમ નગરના ગરબા કલાસીસના સંચાલક પરિમલસિંહ રાઠોડનું કહેવું છે.

ગરબા કલાસમાં નુકશાન તો ન કહી શકાય કારણ કે માતાજીના તહેવારમાં નફો નુકશાન ન હોય. પણ નવરાત્રી કેન્સલ થઈ એટલે ઘરમાં એક પ્રસંગ કેન્સલ થયો તેટલું દુઃખ થાય છે. સોશિયલ ડિસ્ટન્સીંગ રાખી ગરબા રમવા એ આ વધતા જતા કોરોનાના કેસ સામે મુશ્કેલ રહેશે. એટલે નવરાત્રી નથી યોજાવવાની તે નિર્ણય યોગ્ય છે અને સ્ટુડન્સ આમ તો ઉત્સાહીત છે પણ તેમને પણ કોરોનાનો ભય તો છે જ તેમ નગરના જાણીતા ગરબા સંચાલક અભિરાજસિંહ ઝાલાનું કહેવું છે.




પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે ઋષિવંશી સમાજ સેવા સંઘ દ્વારા વિવિધ સેવાકાર્યોનું આયોજન કરવામાં આવ્યું હતું. પશુ પંખીઓ માટે દાણા તથા બિસ્કીટની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેકટર-૧૬ બ્રહ્મભવન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

# ગાંધીનગર તાલુકા મંડપ એસોસીએશનની મીટીંગ યોજાઈ






ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર તાલુકા મંડપ એસોસીએશનની મીટીંગ તા. ૧૬ સપ્ટેમ્બરના રોજ યોજાઈ હતી. આ મીટીંગમાં મેમ્બર વધારવા તથા મેમ્બર્સ માટે વીમા યોજનાનો લાભ અને સહાય જેવા અગત્યના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત કોરોનાની મહામારીની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને સરકાર પાસે સહાય માટેની રજૂઆત કરવા માટે સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં જિલ્લા પ્રમુખ નરેશભાઈ દવે, ભીખાભાઈ જયસ્વાલ, વિનોદભાઈ ચાવડા, ચેતન ચાવડા તથા ગાંધીનગર તાલુકાના તમામ પ્રમુખ અને કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

# એલ્ડરલી હેલ્થ હોમકેરના ૩૫ તાલીમાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા



ગુજરાત સરકારની એલ્ડરલી હેલ્થ હોમકેર યોજના અંતર્ગત સ્ટેટ રેડક્રોસના સહયોગથી ગાંધીનગરના વોર્ડ નંબર ૧માં આદિવાડા ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં ૩૫ બહેનોને મહિનાની તાલીમનો કોર્સ પૂર્ણ થતાં આરોગ્ય વિભાગ અને સ્ટેટ રેડક્રોસ દ્વારા અપાતા પ્રમાણપત્રનું વિતરણ કોર્પોરેટર હર્ષાબા ધાધલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા રેડક્રોસના અશ્વિન દવે, જે.એન. પરીખ, ગોવિંદભાઈ આહિર અને જી.પી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ સર્ટીફીકેટ ધરાવતા તાલીમાર્થી બહેનો હવે સરકારી કે ખાનગી હોસ્પિટલમાં નોકરી મેળવી શકે છે. ઉપરાંત જરૂરતમંદ અશકત વડિલોને ઘરે જઈને પણ તેમની સેવા, સારવાર પણ કરી શકે છે.

# કારકિર્દી ઘડતરરૂપ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન વેબીનાર સપ્તાહ

હાલમાં નોવેલ કોરોના –કોવીડ-૧૯ના સંક્રમણને અટકાવવા માટે દેશ અને દુનિયામાં પ્રયત્નો થઈ રહ્યા છે તેવા સમયમાં યુવાનો અને રોજગારવાન્છુંઓ ઘરમાં સુરક્ષિત રહીને રોજગાર કચેરીની વિવિધ સેવાઓ ઘરે બેઠા મેળવે તે આશયથી જીલ્લા રોજગાર કચેરી-ગાંધીનગર દ્વારા વિશેષરૂપમાં ભરતીબોર્ડ જેવા કે ગૌણ સેવા પસંદગી બોર્ડ, જી.પી.એસ.સી, યુ.પી.એસ.સી તેમજ પંચાયત સેવા પસંદગી બોર્ડ વગેરે દ્વારા આગામી સમયમાં યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે ખાસ કારકિર્દી ઘડતરરુપ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન વેબીનાર સપ્તાહ તા.૨૨,૨૩ અને ૨૪/૯/૨૦ દરમ્યાન સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦ કલાકે ઓનલાઈન વેબિનાર દ્વારા યોજવામાં આવનાર છે.

જેમાં વિદ્યાર્થીને પરીક્ષાલક્ષી મુંઝવતા પ્રશ્નો તેમજ કેવી રીતે તૈયારીઓ કરવી તે માટે વિવિધ વિષયો જેવા કે ભારતનું બંધારણ, સાંસ્કૃતિક વારસો, ભૂગોળ, ગણિત અને રીઝનીંગ વગેરે જેવા વિષયો પર કચેરીના કેરિયર કાઉન્સેલર તેમજ વિષય નિષ્ણાંત તજજ્ઞો જેવા કે સ્પીપાના મૌલિકભાઈ પટેલ, નીખીલ બાલા તથા કેયુર પટેલ દ્વારા કચેરીના ફેસબુક પેઈજ લાઈવ પર વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. જેમાં ગાંધીનગર જીલ્લાના તેમજ અન્ય ઉમેદવારો કે જેઓ સરકારી ભરતી અન્વયેની સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી માર્ગદર્શન મેળવવા માટે નીચે આપેલ લિંક પર જોડાઈને કાર્યક્રમમાં ભાગ લેવાનો રહેશે. facebook.com/mccgandhinagar.govt/ અને facebook.com/employment.gnr પર લાઈવ જોઈ શકાશે.



ગાંધીનગર શહેરના ચકાચક અને પહોળા રાજમાર્ગો પર વાહનચાલકો રોકેટ ગતિએ પોતાના વાહનો હંકારતા નજરે પડે છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં માર્ગ સલામતી જોખમાઈ છે. શહેરમાં માર્ગો પર અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા ટુવ્હીલર વાહનચાલકોને ઈજા પહોંચે છે ત્યારે આજે શહેરના ચ-માર્ગ પર જિલ્લા પંચાયતની ઓફિસ નજીક બપોરના સુમારે જીજે-૧-કેવી-૨૮૭૫ ગાડીના ચાલકે મોપેડ લઈજઈ રહેલી એક યુવતિને ટકકર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં યુવતિને ઈજા પહોંચી હતી. જયારે કારનો આગળના ભાગનો ખુડદો બોલાયો હતો. અકસ્માતને પગલે થોડીવાર માટે માર્ગ પર ટ્રાફિક જામ થઈ જવા પામ્યો હતો.

## ગાંધીનગર જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ઓનલાઇન યોજાઇ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક આજે જિલ્લા કલેકટર કચેરીના સમિતિ ખંડ ખાતે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી ઓનલાઇન યોજવામાં આવી હતી.

આ બેઠકમાં ધારાસભ્યો અને સંસદ સભ્યોએ પોતાના મત વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી હતી. જેના સંબંધિત વિભાગના જિલ્લા અધિકારીઓએ સંતોષકારક પ્રત્યુત્તર આપ્યા હતા.

અધિક કલેકટરશ્રી એચ.એમ. જાડેજા દ્વારા જણાવ્યું હતું કે, જિલ્લામાં કોરોનાની પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક ઓનલાઈન વિડિયો કોન્ફરન્સના માધ્યથી યોજવામાં આવશે. તે માટે સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હતી. બેઠકમાં ધારાસભ્યોશ્રી, સંસદ સભ્યો સહિત તમામ સંબંધિત વિભાગના અધિકારીઓએ ઓનલાઈન ઉપસ્થિત રહીને બેઠકમાં પ્રશ્નોની ચર્ચામાં ભાગ લીધો હતો.

# ઓનલાઈન છેતરપિંડી કરી નાસતો-ફરતો આરોપી ઉદેપુરથી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા યુવકના ફેસબુક પર વિદેશી યુવતિ મિત્ર બની હતી. યુવતિની સુંદર મજાની વાતોમાં આવીને રૂપીયા કમાવવાની લાલચમાં યુવકે રૂ. ૫૦.૬૮ લાખ ગુમાવ્યા હતા. આ બનાવમાં સેકટર-૨૧ પોલીસે એક આરોપીને રાજસ્થાનથી પકડી પાડ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૬ ખાતે રહેતા વિજયપ્રકાશ રામશંકર શુકલ (ઉં.૪૨) ને ૨૦૧૮ ડિસેમ્બરમાં ફેસબુક પર એમીલી જોન્સનની ફ્રેન્ડ રીકવેસ્ટ આવી હતી. ફેસબુક પર આવેલી ફ્રેન્ડ રીકવેસ્ટનો સ્વીકાર કર્યા બાદ બંન્ને વચ્ચે ફેસબુકના માધ્યમથી વાતચીતનો દોર શરુ થયો હતો. જેમાં એમીલીએ યુકે ખાતે સ્પેશ્યાલિસ્ટ હેલ્થકેર ફાર્મા કંપનીમાં પર્ચેઝ મેનેજર છે. જેથી ભાગીદારીમાં મોન્ગોન્ગો વાઈલ્ડ નટ્સ ઓછા ભાવે ખરીદી પોતાની જ કંપનીને વધુ ભાવે વેચાણની વાત કરી હતી. યુવતિએ માર્કેટમાંથી રૂ.૧.૯૦ લાખમાં ખરીદેલું મોન્ગોન્ગો નટ્સ પેકેટ રૂ.૪.૫૫ લાખમાં વેચાણ માટે કહ્યું હતું.જેથી યુવકે ૪૦૦ ગ્રામના નટ્સના ૩૫ પેકેટ રૂ.૧.૯૦ ભાવે ખરીદી કરી હતી. તેમ છતા યુવક પર વધુ પેકેટ ખરીદવા માટે દબાણ કરવામાં આવતુ હતું. જેને પગલે યુવકને શંકા જતા તપાસ કરતા યુવકે રૂ.૧.૯૦ લાખ ખરીદેલા નટ્સનું પેકેટ માત્ર ૧૦ હજારમાં મળતુ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.જેથી ફરીયાદીએ ગત તા.૧૬ જાન્યુઆરીના રોજ સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. જેને પગલે સેકટર-૨૧ પીઆઈ એ.જે.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ટીમે આ કેસમાં એક આરોપીને દબોચી લીધો હતો. પોલીસે રાજસ્થાન ઉદેપુર કાલકા ખાતે રહેતા લોકેન્દ્રસિંહ ચંદનસિંહ સકતાવતને તેના વતનથી પકડી પાડ્યો હતો. ફરીયાદીએ વિવિધ એકાઉન્ટમાં જાન્યુઆરી થી જુલાઈ સુધીમાં રૂપીયા જમા કરાવ્યા હતા. તેમાં એક બેંકનું ખાતુ આ લોકેન્દ્રસિંહનું પણ હતું.ત્યારે પોલીસે આરોપીની ભુમિકા અને કેટલી છેંતરપિંડી આ પ્રકારની કરી છે તે તરફ તપાસ આગળ વધારી છે.

# અડાલજ કુમાર શાળા પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક આવેલા અડાલજ કુમાર શાળાની સામેથી એકટીવાની ચોરી થવા પામી છે. પટેલ સોસાયટી ખાતે રહેતા સુરેશકુમાર ઓમપ્રકાશ પાંડેએ ચોરી અંગે ફરીયાદનોંધાવી છે. ગત તા.૧૫ સપ્ટેમ્બરના રોજ રાત્રીના તેમના ઘર પાસેથી પાર્ક કરેલુ એકટીવા કોઈ ચોર ઈસમ ઉઠાવી ગયો છે. રાત્રીના બે વાગ્યાના સુમારે ફરીયાદી જાગી ગયા હતા જેથી તેઓ ઘરની બહાર આવ્યા હતા. ત્યારે તેમનું એકટીવા પડેલું ન હતું. જી.જે.૧૮.ડી.બી.-૧૪૫૪ નંબરનું સિલ્વર મેટાલીક કલરનું એકટીવા તેમણે ત્રણ માસ પહેલા સેકન્ડમાં લીધુ હતું. એકટીવા ચોરી થઈ જતા તેઓએ આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પંરતુ એકટીવાની કોઈ ભાળ મળી ન હતી. ત્યારબાદ અડાલજ પોલીસ મથકે રૂ.૨૫ હજારના એકટીવાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વાહનચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ચિરવિદાય

- સ્વ. દરજી કમલેશકુમાર મનુભાઈ, ઉ.વ. ૩૭, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ ચંદ્રિકાબેન રજનીકાન્ત, ઉ.વ. ૫૪, દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. રણજીતજી અરજણજી વાઘેલા, ઉ.વ. ૫૨, ખોરજ ડાભી, તા. કલોલ
- સ્વ. ચૌધરી વેલજીભાઈ મોહનભાઈ, ઉ.વ. ૭૯, ફતેહપુરા, તા. વિજાપુર
- સ્વ. શર્મા લક્ષ્મણભાઈ વિશ્વનાથ, ઉ.વ. ૫૮, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. જયસ્વાલ અતુલભાઈ હિંમતલાલ, ઉ.વ. ૫૭, કપડવંજ, જી. ખેડા
- સ્વ. સવિતાબેન કનૈયલાલ ભટ્ટ, ઉ.વ. ૭૫, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. મીરાબેન રેવાભાઈ સિન્ધી, ઉ.વ. ૭૧, વિસનગર, જી. મહેસાણા
- સ્વ. મસાણી ભાવસંગભાઈ અલુભાઈ, ઉ.વ. ૬૬, વઢવાણ, જી. સુરેન્દ્રનગર
- સ્વ. પટલ રમણભાઈ ભુલાભાઈ, ઉ.વ. ૭૫, ઉનાવા, તા. ગાંધીનગર
- સ્વ. સોલંકી મણિલાલ કાળીદાસ, ઉ.વ. ૭૦, કલોલ જી. ગાંધીનગર

# સકારાત્મક પત્રકારત્વ હંમેશા સફળ નિવડ્યુ છે : ડો. દિલીપકુમાર

## કેએસવી દ્વારા ‘જીવનમાં પત્રકારત્વનું મહત્વ’ વિષય પર વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગ અને દિલ્હીની સંસ્થા પુનરૂત્થાન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ‘જીવનમાં પત્રકારત્વનુ મહત્વ’ વિષય પર એક દિવસીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. વેબિનારમાં દિલ્હીની જી જી એ સ અ ા ઈ ૫ ી વિશ્વિવિદ્યાલયની મેરી કોલેજના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના હેડ ડો. દિલીપ કુમારે વિબિનારના વિષય અનુસંધાને વ્યાખ્યાતકાર તરીકે ‘જીવનમાં પત્રકારત્વનું મહત્વ’ પર વિસ્તૃત માહિતી આપી હતી. ‘સકારાત્મક પત્રકારિતા હંમેશા એક સફળ પત્રકારિતા નીવડી છે’ તેવું માનતા પ્રાધ્યાપક ડો. દિલીપ કુમારે જણાવ્યું હતું કે, પત્રકારો જનજાગૃતિ માટે હંમેશા મુખ્ય ભૂમિકા ભજવે છે તેમજ સમાજનાં દરેક વિષય પર પૂરતો અભ્યાસ કરી, સમજ અને બુદ્ધિનો ઉપયોગ કરી, પડકારોનો સામનો કરી, પ્રશ્નોનો વેગ થંભાવી, સમાજને સચોટ અને સાચી માહિતીથી વાકેફ કરે છે. હાલ કોરોના વાયરસની વિગતવાર માહિતી લોકો સુધી પહોંચાડી અને કોવિડ મહામારી સામે લડવા માટે લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કરી પત્રકારોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. આમ પત્રકારીતા જીવનની સાથે સમાજને એક નવી દિશા તરફ પ્રેરે છે. ઉમેરો કરતા તેમણે ગ્રામીણ ક્ષેત્રનાં જે તે વિસ્તારના ખેડૂતોની સમસ્યા કે અન્ય પાયાની સમસ્યાઓને ઉજાગર કરવાની સાથે આજનાં યુગમાં ઊભરી આવતાં સોશિયલ મીડિયા મારફતે સચોટ પત્રકારિતા કરવાં તેમજ પત્રકારત્વ નાં વિદ્યાર્થીઓ માટે ઘણી બધી નોકરીઓ, તકો વિશેની વાત જણાવી હતી.

વેબિનારનો પ્રારંભ શુભમ્ ગણેશજીની સ્તુતિ સાથે કરાયો હતો. કડી સર્વ વિશ્વવિદ્યાલયના જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશન વિભાગના અભ્યાસ સંયોજક મિતેષ મોદીએ યુનિવર્સિટીના સૂત્ર ‘કર ભલા હોગા ભલા’ મુજબ સુદ્દ્રઢ અને નેક વિચારથી આપવામાં આવતા અભ્યાસ અને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.

વેબિનારના સમાપને ડો. દિલીપકુમારે વિદ્યાર્થીઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોનાં જવાબો બહુ જ સરળ શબ્દો સાથે સંસ્કૃત શ્લોકોના ઉદાહરણો દ્વારા વિસ્તૃત માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.